# એક હતા અબ્રાહમ

— પદ્મા ફડિયા

અમેરિકાનો એક ગરીબ યુવાન.

મહેનત–મજૂરી, ખંત અને સ્વાશ્રયથી એ વકીલ બન્યો. જેવો ભણવામાં હોશિયાર એવો જ ગુણમાં સત્ય, ન્યાયપ્રિય, પ્રેમાળ અને દયાવાન.

૨૧ વર્ષની એની વય હતી.

નવો નવો એ વકીલ બન્યો હતો.

વકીલ બનતા જ એણે વકીલાત શરૂ કરી.

એક નાનકડી ઓફિસ ખોલી. ફાજલ સમયે કાયદાના પુસ્તકોનો એ વધુને વધુ અભ્યાસ કરવા લાગ્યો.

ઑફિસની બહાર એણે પોતાના નામનું બોર્ડ ચડાવી દીધું.

એક સવારે એની ઑફિસમાં એક અમીર માણસ આવી પહોંચ્યો.

'સાહેબ ! આપ વકીલ છો, મારે એક કેસ કરવાનો છે.''

''કેસ કરવો છે ? બેસો, લખાવો કોની સામે ? શા માટે ? મને વિગતો આપો.'' વકીલે અમીર પાસે વિગતો માંગી.

''સાહેબ ! એક ખેડૂત છે. તે મારી પાસેથી અઢી ડૉલર કેટલાય સમયથી લઈ ગયો છે તે હજુ સુધી પાછા નથી આપી ગયો. એની સામે મારે કેસ માંડવો છે.'' અમીરે કહ્યું.

''અરે સાહેબ ! તમે તો ગર્ભશ્રીમંત દેખાઓ છો અને તમે એક ગરીબ ખેડૂત પાસેથી માત્ર અઢી ડૉલર વસૂલ કરવા કેસ માંડો છો ? અઢી ડૉલરની તમને શી વિસાત સાહેબ ? માફ કરી દોને ?'' વકીલે સલાહ આપી.

''ના રે સાહેબ ! આ તો મારી પ્રતિષ્ઠાનો સવાલ છે. એક ગરીબ ખેડૂત પૈસા લેવા આવે ને પાછા ન આપે ? આ એની ચાલાકી મારે તોડવી જ છે એના મનમાં એ શું સમજે છે ?''

''તો ખરેખર તમે એની સામે કેસ કરવા માંગો છો ?'' વકીલે એ અમીર તરફ દૃષ્ટિ ફેંકી.

''હા...હા...સાહેબ ! એ મને શાનો બનાવી જાય. એની ચાલાકી. હું તોડીશ અને એને બરોબરનો પાઠ ભણાવીશ કે પછી એ માંગવાની ખો ભૂલી જાય.'' અમીરે ઉદ્ધતાઈથી બોલવા માંડયું.

''તો પછી મારા કેસની ફી દસ ડૅલર છે. તમે ફી આપો એટલે કેસ લખી દઉં.'' વકીલે ફી માંગી.

''હા....હા.....લ્યો સાહેબ, આ તમારી ફી દસ ડૉલર.''

''એ અઢી ડૉલર માટે તમે દસ ડૅલર ખર્ચશો ?'' વકીલે ફરી પેલા અમીર સાહેબ પાસે તીણી નજર ફેંકતાં પૂછ્યું.

''અરે, સાહેબ ! તમે ૫૦ ડૉલર ફી માંગી હોતને તો હું એટલી ફી પણ આપત. પણ મને એ બનાવી કેમ જાય ?''



પેલા અમીરે વકીલના હાથમાં દસ ડૉલર પધરાવી દીધા. વકીલે ફી લઈ ખિસ્સામાં મૂકી દીધી.

''સારું, કાલે સવારે આવજો.''

અમીર મૂછ મરડતો, હસતો ચાલ્યો ગયો.

આ તરફ વકીલે તરત જ પેલા ખેડૂતને બોલાવ્યો. પૂછ્યું, ''અલ્યા, પેલા સાહેબના પૈસા કેમ પાછા નથી આપતો ?''

''સાહેબ, આ સાલ અનાજ પાક્યું નથી, ઘરનાં સૌ ભૂખે મરે છે ? તો પૈસા આપું કેવી રીતે ? એ તો રોજ રોજ ઉઘરાણી કરે છે. મેં એમને પૈસા આપવાની ના તો પાડી જ નથી પણ એ તો રોજ રોજ પૈસા આપ.....પૈસા આપ.....પણ સાહેબ....'' ખેડૂત આગળ બોલવા જતો હતો ત્યાં જ વકીલે એને અધવચ્ચે અટકાવી દીધો.

''સારું સારું લે આ પાંચ ડૉલર, એમાંથી અઢી ડૉલર એ સાહેબને આપી આવ અને બીજા અઢી ડૉલર તું રાખ. પણ સાંભળ એ સાહેબને અઢી ડૉલર આપીને પહોંચ લેતો આવજે, ભૂલીશ નહિ સમજ્યો !!!''

ખેડૂત તો ખુશ ખુશ થતો ચાલ્યો ગયો.

બીજે દિવસે પેલા અમીર સાહેબ હરખાતો હરખાતાં આવ્યા. અરે, સાહેબ ! હવે મારે કેસ કરવો નથી. મને મારા પૈસા પાછા મળી ગયા છે. આપનો ખૂબ....ખૂબ...આભાર....કહેતા કહેતા અમીરસાહેબ ધીરે રહી ઊભા તો થયા. પરંતુ ત્યાં જ એમની નજર ટેબલ પર પડી.

ટેબલ પર પેલી અઢી ડૉલરની પહોંચ પડી હતી.

'અરે....અરે....'બોલતાં બોલતાં અમીરસાહેબ એ યુવાન વકીલસાહેબને જોઈ રહ્યા અને પળવારમાં જ વાત સમજી ગયા.

વકીલની વિચક્ષણતા જોઈ ખડખડાટ હસી પડયા.

બન્ને એ પ્રેમથી હસ્તધૂનન કર્યું.

આ વકીલ તે બીજા કોઈ નહિ પણ અમેરિકાના મહાન પ્રેસીડેન્ટ અબ્રાહમ લિંકન હતા.

■